મહાવીર જીન મંડળી માં ગવાતા સ્તવનો તથા રમાતા રાસાદીનો સંગ્રહ.

ભાગ ૨જો.

પ્રસીદ્ધ કર્તા.

મહાવીર જીન મંડળી.

અમદાવાદ.

" સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ. "

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬

અર્પણપત્રિકા.

ાદા–માનવંત

શેઠ. મોતીલાલ–ઘેહેલાઇની સેવામાં.

વિ. વિ. આપની સાથેનો આ મંડળીનો પ્રથમ પ્રસંગ છે. અને જે પ્રસંગ સદરહુ મંડળીએ સંપસંપ્રાત્ય કીધો છે. અને દરમીઆન આપના પ્રસંગે મહાવીરજીન મંડળીને જે પરિચય થયો છે. તેમાંથી મંડળીને જણાયું છે કે આપ વિદ્યોત્તેજક કાર્યમાં સદા તત્પર છો. સ્વધર્મ કહેતાં આપણા જૈનધર્મપર આપની આસ્તા અને દૃઢતા ઉત્તમ છે રંક જનોને આશ્રય આપવામાં આપની મનોવૃત્તિ ઔદાર્યતા સહગતિ કરે છે ટુંકમાં એટલુંજ કહેવાનુ કે સદરહુ મંડળીના ભણનાર વિદ્યાર્થીયોને મદદ કરતાં આવ્યા છો. અને મદદ કર્યા કરોછો. તેની યાદગિરીના માટે આ ધાર્મીક પુસ્તક આપને આ મંડળી અર્પણ કરે છે. તે સ્વીકારશો.

એજ વિનંતી.

લી. મહાવીરજીન મંડળીના

જયજીનેંદ્ર વાંચશો.

મહાવીરજીન મંડળીમાં ગવાતા નવા સ્તવનોનો વધારો.

(આશું આસું કે ચોમાસું આવ્યું.)

૧

સાસન, નાયક, શિવસુખ, દાયક,
શ્રી મહાવીર છો;
પ્રણમે નિત્ય પુરંદર,
ધરમ ધુરંધર ધીર છો.
ત્રીસલા નંદન કર્મ નિકંદન,
ભય, ભંજન, ભગવાન;
શેવક પરશું નજર કરી,
આપોને ભવ અવશાન.
સાસન નાયક૦
અગણિત નરનારી પ્રભુ તારી,

કર્મ નિવારી નાથ;
માત તાત ગુરૂ ભગની ભ્રાતા,
ગ્રહો હેતથી હાથ;
સાસન નાયક૦
મહાવીર સ્વામીના શેવકનું,
મંડળ જીન ગુણ ગાય;
શિવસુત, કેશવ, પ્રમુખ, સર્વને,
ઉલ્લટ અંગ ન માય.
સાસન નાયક૦

(આજે આનંદ આનંદ.)

૨

પ્રભુ હું કરૂં પ્રણામ પાપ પુંજ હરો,
કહું કરગરી કૃપાળ નેહ નજર કરો,
ખરેખર દાસ ખરો, હેતે શિર હાથ ધરો (
જય જય જય જય, પ્રભુ.
કર્યાં ક્રોડ મેં કુકર્મ પર્મ ધર્મ તજી,
સર્વ દેવના છો દેવ નહીં સેવ સજી,

ભુલ્યો હું તો ભુત ભજી, હૈયું ઉઘડે ન હજી (૨)
જય જય જય જય, પ્રભુ.
સદા શિવસુત કેશવ–દાસ આશ ધરે,
મહાવીર સ્વામી શેવક મંડળી,
ગુણ મધુર સ્વરે;
તારૂં નિત્ય સ્તવન કરે સદા આનંદ વરે (૨)
જય જય જય જય, પ્રભુ.

૩

પ્રભુ ભક્તિ છે વ્હાલી આલીયે (૨)
ભવ દવમાં બળતાને ઠારણ,
અમસમ અનુચરને ઉગારણ,
અધમ ઉધારણ નરક નિવારણ,
મદગજ મારણ મંગળ કારણ,
મહાવીર શેવક મંડળ તારણ,
છે શિવસુત કેશવ સુખ કારણ,
દીલ વશીજ ગઈ, પ્રભુ ભક્તિ૦

(ડરમાં તું દીલ સાય)

૪

દયા નીધી જગદેવ,
દયા કર દયા નીધી જગદેવ,
સદા સારીએ સેવ,
તારીએ ભવ ત્રાતા તતખેવ;
કરૂં અભિવંદન હમેદ દયાકર.
દયા નીધી જગદેવ.
નિત્ય નઠારૂં કર્મ અમારૂં,
હુાય કસાય તણું કરનારૂં,
પુન્ય ઓછું કરી પાપ વધાર્યું,
આપના આગળ અર્જ ઉચારૂં,
ભવ ઉદ્ધી તારો જગતારૂં;
(સ્વામી શેવકની વિનંતી સ્વીકારો)
આપોને સુખ અભેવ પ્રભુ દયાકર.
શાંતીના દાતા તમે જગ સ્વામી,
નાથ નીરંજન નિર્મળ નામી,

અંતરજામી, શિવગતી, ગામી,
ખોળો નહીં અમદાસની ખામી,
શિવસુત, કેશવ, ના વિશરામી,
મહાવીર, મંડળી, પદકજ પામી;
(નિત્ય મન વચન કાયાની એકાગ્રતા કરી
કેસર ચંદન પુષ્પાદીક પુજતાં મંગળ પદ વરી)
નિત્ય સ્તુતી કરવાની ટેવ,
(તાત, ; દયાકર

(શ્રી નટવર વસંત રૂતુપ એ રાગ)

૫

શ્રી જીનરાજ આ સમાજ આજ નાચી રહ્યા
નાચી રહ્યા, મન માચી રહ્યા શ્રી જીન૦

સાખી.

તત થેઈ થેઈ થનગન કરી,
ઠમક ઠમક ધરી પાય,
ફરતા ફરરર ફુદડી,
ભવમાં ભમવું જાય;

ધીધીકીટ, ધીધીકીટ થાંગ થાંગ, થાથી લાંગ,
વાગે છે મૃદંગ અંગ હર્ષ થયો, નાચી રહ્યો;

સાખી.

શ્રી અષ્ટાપદ ગીરીવરે,
રાવણ નાચ્યો જેમ,
તાન માનકે તાલમાં,
અહીં પણ નાચ્યો એમ;
ભવીજન ધરી ભક્તી ભાવ,
લ્હાવો લઇએરે,
નમવા વિભૂ ભવજળ નાવ,
જૂગતે જઇએરે.

સાખી.

ચંદ્ર ઇંદ્રના ગીંદ્રને,
કરે અપ્સરા નાચ,
કેશવ મહાવીર મંડળી,
નાચે શીવફળ સાચ.

શ્રી જીણંદ ગુણગણ ગાઓ રાગ રંગમાં,

જય જય જય જીનરાજ જયો

નાચી, શ્રી૦

(આજ થઇ પ્રીય આનંદ ધારા.)

૬

આજ પ્રભુજીકા દરસન પાયા,
સંઘે મળી જીનના ગુણ ગાયા,
ત્રીશલા માતના છો જાયા,
અતિ આનંદ ધરી દીલ માયા;
પ્યારાં પ્રભુજી કહું શીર નામી;
સાહાય થશો પ્રભુ અંતર જામી;
આશા પુરો મુજ મોક્ષના ધામી;
પાર ઉતારો મુજ દુખડા વામી;
સુરત દીઠી; લાગે મીઠી; (૨)
પાયે પડી--હર્ષ ધરી; (૨)
સુરત તોરી લાગે પ્યારી,
વીનંતી કરે સહુ નરનારી,
દરસન આયો, વિદ્યા સંગ્રહ ગાયો;(૨) આજ૦॥

(કુમાર મારી વાલી.)

૭

મહાવીર તોરે ચરણે આકે ખડા હું આવાર,
તુમરે, દરસનસે ચેન પડત હે;
તુમ પ્રભુ તારણ હાર. માહા. ૧
સીધારથ રાજાને, ત્રીશલાજી માતા;
ધનહે મહાવીરકા અવતાર; મહા. ૨
સિંહકા લંછન પ્રભુ, જીકું બીરાજે;
અમપર હુએ તુમ આધાર; માહા. ૩
ધી મહાવીરજીન મંડળીહુએ,સરણેતુમારી
આપહો જઇની સરદાર; માહા. ૪

ઉભો રહેને ગોવાળીઆ તારી વાંસળી–એ રાહ.

૮

ઉભો રહેને ઓ જીવડા,
તું તો સાંભળ આગમ વાણ;
કામ ક્રોધને છાંડીને,
નિત અનુભવ દીલડે આહા. ૭.
અમૃત રશથી સિંચી,

એતો ગણધર મુખની ભાખ;
રોમ રોમ રસ સંચરે,
જીમ સાકર સરખી સાખ. ૩.
ચંદ્ર પન્નત્તિ સુત્રના,
કહ્યા પાહુડા સરસ પચાસ;
સાંભળતાં મન રીઝસે,
નિત વધશે જ્ઞાન અભ્યાસ. ૩.
શ્રાવણ વદી પડવા થકી,
વડી દીવસમાં સરીયું ખાસ;
અયન સંવછર જુગ તણી,
નિત કરિ કલના અભ્યાસ. ૩.
સંખ્યા અસંખ્ય અનંતના,
કહી કાલની કલણા તીન;
તથા ભવ્ય પરિપાકથી,
થાય શિવસુંદરી રસ લીન. ૩.
જીન ઉત્તમ મુખ પદમથી,
સુણી ચંદપન્નતિ સાર;

પુજી દયાદ્ પામજે,
નિજ રૂપવિજય જયકાર. ૩.

(અતુલ શૃંગાર છો વાહરે વાહરે)—એ રાગ.)

અનોપમ આજ છે પ્રભુ અંગી.
બહુ ભવિજન મળ્યાં છે ઉમંગી.
પ્રભુ દરિશનથી પ્રગ્ન સકળ સુખ,
સુખદ સદા જીનરાજછે શિવસંગીસદા૦ાાઅ.

(સાખી.)

મોહનગારી મુરતી,
મુગટાભરણ સુસંગ;
હીરા રત્ન અમોળીકે,
ઝળહુળકત જીન અંગ,
પુષ્પ તણો પમરાટ બહેકે,
અરગજા અતર ગંધ મહેકે,
સુરજથી આ ઉજવળ જોત છે
ચમકતી આ ઉજ ૦ાા અનો૦

(સાખી.)

મૃદંગ તાલ આલાપ સૂર,
લલના મધુરે સાદ;
ગાવે રૂમ ઝુમ નૃત્ય કર.
ઝીણા તીણા નાદ.
સ્તવન સુણી સુરનર મન મોહે,
મહાવીર મંડળ કહે મંગળ હોએ;
જગતે જયો વિતરાગ શ્રી જીનવંદી૦--
જયો ૦।। અનો૦

(રાજ રાજે ચોહાણનું.) એ રાગ.

ભવિ ચાલો સુભાવથી,
વીરજીણુંદને વંદવા,
વંદવા, વંદવા, વંદવા, વંદવા, (ભવી)
દર્શન કરી મોહ મહીપતી દંડવા,
નિંદીત કર્મને નંદવા, (વીર)
સમકિત સવિતા ઉગે આનંદમાં.
ટાળો મિથ્યા મતી દંડવા, (વીર,

મહાવિર મંડળી શિવસુત કેસવં;
વંદે સસિને જીણંદવા. (વીર)

(સુંદર શોભા શી બની) એ રાગ.

દાદ શ્રવણ કરી દાસનીઆ
મોહને કોહને દેવ દયાળ
દૂર નિવારો જી ઇઇઇઇ (દાદ)
પતીત પાવના પરમ પ્રભુજી
ફેડોને ભવફંદ
પ્રભુ કૃપાળ પાતક પ્રજાળ તારક
આપોને અખંડા નંદ
આપની છાપની મંડળ
કેસવ ગુણ ગાય સુખ થાય.
આહા આહા દાદ.

સમાપ્ત.

૬૪૩૫

મહાવીર જીન મંડળીમાં ગવાતા તથા રમાતા રાસાદીનો સંગ્રહ

ભાગ ૨ જો.

પ્રાર્થના.

(રાગ વાલ્હરે પ્રભુ સહાય ખરે.)

જય જય જય જય જીનરાજ નમો,
તીર્થંકર ત્રીભુવન પતિ પ્યારા,
રક્ષો સકળ તમ બાળ અમો,
પ્રભુજી પ્રભુજી અમ હૃદય રમો. જય.
ધન્ય ભાગ્ય ફળ્યું દુઃખ સર્વ ટળ્યું,
તુમ વદન વિલોકીત સુખ મળ્યું,

૨

તારી સેવારી છે, સુમતિ દેનારી છે.
જગહીત કારીછે,જ્ઞાન સુધારસ સમ સુગમો.જી
તુમ ગુણુ ગણુમાં ગુલતાન થવા,
સુરતાળ નૃત્યે સ્તવનો કરવા,
આવ્યોછું હ્વારી, આ અરજ સ્વીકારી;
હે મંગળકારી,મહાવીર મંડળ જીનરાજ નમો

૨.

વંદન કરીએ પ્રભુ તુજ ચરણમાં અમે.
સુખને શાંતી કીધીછે પ્રભુ આજ આ સમે.વ
પ્રીતે, રીતે, ચીતે, મન ધરી હામ, કરીએ,
તમામ, કીધું રૂડું કામ, દાસ સૌ નમે વં.
રાખીધીર, પુજોવીર, મનસ્થીર કરોમન,
કામ, ભજો પ્રભુનામ, મહાવીર મંડળી નમે

૩

પ્રભુ વીનંતી અમારી ઉર ધરજો,

સહાય થઈ રેમ નજર કરજો. પ્રભુ.
સુંદર જીન મંદીરની અંદર,
પ્રેમ ધરી પ્રભુ ભક્તી કરીએ,
અતી ઉમંગે, અતી ઉમંગે, પ્રભુ પાસ,
દોષો માફ, કરવા ખાસ, એજ અમારી, છે
ઉલાસ પ્રભુ વીનંતી અમારી ઉર ધરજો

૪

રાગ (જુઓ વિચારીને નૃપતી.)

જયો જિનશ્રી નમિસ્વામી, લહ્યું નામ;
કર્મને નામી, જયોજીનશ્રી નમી સ્વામી (૨)

સાખી.

પુજદરસન દુર્લભ સહી, દરસન રીતે દેવ
એકવાર જો તે મળે, મળે મુકતી તતખેવ ૧
કશી રીતે રહું પામી, સુણો દેવ અંતર,
નાયામી જયોજીનશ્રી નમીસ્વામી. (૨)

૪

સાખી.

પુજન વિધીથી પુજના, અમ્રતક્રિયા પ્રમાણ.
ધન્ય ધન્ય તેતો નરા કરે ઉગતે ભાણુ
થસે તે મુક્તીના ગામી, સુખ સુર લોકના
પામી, જયોજીનશ્રી નમી સ્વામી (૨)

સાખી.

બને નહી તેહવી, ભક્તી હે પરમેશ
તોપણ ઇચ્છા ધારીએ, મનમાં તેહ હમેશ.
કહે રવી દર્શના કામી, શુ મંગળ માળ આ
જામી જયોજીનશ્રી નમી સ્વામી (૨)

૫

રાગ (જોબનના રંગમાં ઝુસે)

આ અરજી અર જીનવરજી, (બેવાર)
અમ તારો ગરીબ નિવાજ બિરૂદ તુજ
રાજ સહાયતા કરજી, આ અરજી

૫

ચાર ગતિમાં લાખ ચોર્યાશીયોની દુખની ખાણ
કાળ અનાદી ભવ અટવીમાં ભ્રમણ કર્યું
ભગવાન સહાયતા કરજી આ અરજી
કામ ક્રોધ મદ મોહ માનથી
છોડાવો જગનાથ.
પામર પ્રાણી કરૂ પ્રાર્થના ગ્રહો સેવકનો
હાથ સહાયતા કરજી આ અરજી
અનંત બળી પણ અબળ થયોછું
કર્મ વિશે કીરતાર
મહાવીર મંડળ મંગળ માગે
પ્રભુ પદ તુજ આધાર સહાયતા કરજી
આ અરજી અર જીનવરજી

૬.

રાગ (ડરમા તુ દિલ સાથ છોકરા.)
મુનિ સુવ્રત ભગવાન્
હો મારા મુનિ સુવ્રત ભગવાન્

મમ અરજી ધરજો ધ્યાન
પ્રભુ મમ અરજી ધરજો ધ્યાન
આ સંસાર અસાર ઉદધીએ (બે વાર)
કાળ અનંત અતિ અથડાણો
પુદ ગળ સંગે સુરંગે જમાણો
કર્મ રૂપી મળ મેલે ગુંથાણો
ભવ અટવીમાંહે હું અટવાણો
નીગોદમાં, સમયમાં, સાડા સતર ભવમાં
નહિ ઉગરવા અવશાન પ્રભુ નહી. હો
મનુષ્ય જન્મ તો મહોદય ભાગે (બેવાર)
દશ દ્રષ્ટાંતે દોહેલો પામી,
ભુલી ગયો નિજ અંતરજામી
વીત વિનિતા તણો થયો કામી
અંધ બન્યો મતી મંદ હું સ્વામી
(અજ્ઞાને જાણું મારા જેવો કોણ)
અહોનીશ વસ રહી અભીમાન-અહો. હો

સુગુરૂ પ્રતાપે જિનધર્મ જાણ્યું (બેવાર)
જ્ઞાન શ્વરૂપે સકળ દુઃખ વામી
આનંદ મંગળ તુહી નમામી
મહાવીર મંડળી શિવ સુખ ગામી,
આતમરામ પ્રભુ શીશ નામી
(ભવોભવ જૈનધર્મને પામુ)
મુજ આપો એ હીજદાન=પ્રભુ મુજ. હો

૭.

રાગ (કરૂં કયું ન કુરબાન આપની જાન.)
પ્રભુ વાસુપુજ્ય ભગવાન. (બે વાર.)
સુરત પ્યારી મને લાગે વાહારી,
હું જોઇ થઇશુ કુરબાન. પ્રભુ૦ ૧
આવો સખીરી તમે આવો સાહેલી,
આજ પુજો પ્રભુ ભાવ આણુ. પ્રભુ૦ ૨
આવો સખીરી તમે આવો સાહેલી,
આજ કરવા પ્રભુ ગુણ ગાન. પ્રભુ૦ ૩

આવો સખીરી તમે આવો સાહેલી,
આજ કરવા કાઉસગ ધ્યાન. પ્રભુ૦ ૪
આવો સખીરી તમે આવો સાહેલી,
મળ્યુ નરભવ અમુલખ ખાણ. પ્રભુ૦ ૫
આવો સખીરી જપો મંગળકારી,
ગચ્છએ મહાવીર પ્રભુનું નામ. પ્રભુ૦ ૬

૮.

(થયા છોરે પતી તેજ પ્યારી તનના એ રાગ.)
થયોછેરે અમ સફળ દીવસ;
જિન દરીશનથી આજે, પ્રભુના દરી. થયો.
સમમ દેવ સુપાર્શ્વજી તારી;
મુરતી મોહન વેલ, આંહાં સમમ.
જયવંતા, અરિહંતા, ભગવંતા, નિરખંતા.
અતિ આનંદ ઉલસિત તન મન,
ધન ઘડી ધન પળ આ છાજે અતી. થયો.
નાથ નિરંજન ખંજન અંજન,

ભવ દુખ ભંજન રૂપ. આંહું નાથ.
શી શાંતી ગુણ ખાંતી ટળે ભ્રાંતી,
આતમ ગુણ નીરમળ ઝળહુળક્ત;
ભવીભવ ભ્રમણા ભાજે આતમ. થયો.
પંચમ કાળે પ્રામર પ્રાણી,
જીન વાણીથી વિમુખ, આંહું પંચમ;
ગુણગાને, ધયધ્યાને, મનમાને ધ્યાતાને.
મંડળ માહા વીર કહે લહે,
ક્ષય કરી કર્મ ધર્મ રાજે. મંડળ થયો.

૯.

રાગ (કયસે પાઉ મે પતીઆં મોહનકી.)

સખી શામળી સુરતીઆં, મોહનની (૧)
નેમ પ્રભુ મમનાથ નગીના—પ્યારી.

સાખી.

કામણગારા કંથજી, અધવચ્ચ આપી છેહ.
દ્વાર આવી પાછા ગયા, પશુપર ધારી નેહ

રાજમતી સખી શ્યામ સલુણા.
આશ રહી મન જોબનની—સખી.

સાખી.

શીયળવંત વનમાં ગયા, જીતી કામ વીકાર
સુંદર શીવ રમણી વર્યા, પંચ મહાવ્રત ધાર,
રાજમતી પતી પ્રીત ન છોડું;
તોડુ માયા ત્રીભુવનની-સખી.

સાખી.

સુખ આનંદ અનંતતા સ્વસંપત સમભાવ
મહાવીર મંડળી કહે, સાધનતા સુભહાવ.
નરભવ સાધી અબાધી થયા પ્રભુ;
વારી સુરતીઆં મોહનની—સખી.

૧૦.

(બીબીજાન અરજ મેરી એ રાગ)

નેમજીની સુણીએ જરી,
અરજ મેરી દીલમે ધરી હાં—નેમજીની

રથના ફીરાવો, વીચારી હુમારી વાત
નેમજી મારા દીલના પ્યારા
છો જદુ કુળ જાન. નેમજીની
આઠ ભવ છોડી પ્રીત તમારી સાથ
રાજુલ નારી કેમ વીશારી
છોડીને જાઓ નાથ. નેમજીની
ગીરનાર જઇ સંજમ લઇ
થાય સુખ અપાર
શ્રી મહાવીર જીન મંડળી કહે.
વંદુ વારંવાર, નેમજીની

૧૧

(યહ બદીમે પાયા ગમ અરે આદમ. રાગ)
તું ચેત ચેત કાંઇ મન અરે તું જન
અપાર શહ્યો દુઃખ ભાર વહ્યો
કર ગફલત તારી કમ, અરે
દો દીનકો તું મેમાન શમજ નાદાન

ધર ધ્યાન તજી ગુમાન
નરભવ મળ્યો શુદ્ધ કર શાન.
કાંઇ જ્ઞાન રસ તું ચાટ. તજી ઉચાટ
જીન ધર્મ સમ મળ્યો ધર્મ
હવે રહી શું તુને બાદ
કર ભકતી સુદ્ધ જિનવરકી
તજી ખટપટ મનથી જગકી
તજ આશા કાયા પતંગી
કહે મહાવીર મડળ-અરે તું જન

૧૨.

(પ્રભુ તારી ગતી ન કલાય જરી-એરાગ)

પ્રભુ તારી કલા ન કલાય જરી. પ્રભુ તારી
ચંડ કૌશીકની રક્ષા કરી તે
સુરપદ દીધું દયા પૂર્ણ કરી. પ્રભુ
ચંદન બાળા તારી પ્રભુ તે
બાકુળ ગ્રહી અમી દ્રષ્ટી કરી. પ્રભુ

ગાયમ પમુહા ગણધરજીને
દીધું કેવળ મોહ દ્રષ્ટી હરી. પ્રભુ
શ્રેણીકરાય પ્રમુખ શ્રાવકને
તીર્થંકર પદ દીધું ફરી. પ્રભુ
માંગરોળ જૈન સંગીત મંડળીને
અક્ષય જ્ઞાનદે દાન જરી. પ્રભુ

૧૩.

તોરી છબી પ્યારી પ્યારી તન મન ધન
સબ તજ કર
વારી વારી જાવું કાહે તુને મેરો
તન મન ધન હર લીનો
અરજ અરજ મોરી સુનો સુનો મહેરબાન
ધારી ધ્યાન ધારી ધ્યાન ધારી ધ્યાન. સુનો સુનો
નિસદીન પલછીન મનહર જીન જીન
દિલધારી ઉપકારી છો આધારી મેં વીચારી
ઓ માની માની મેરે મન સેવા

તેરી ધન ધન
અક્ષય જ્ઞાન ધારી ધારી ધારી–તોરી

૧૪

હુા થવા શા હાલ તારા જીવ જો જરી,
રે અનાડી અંધ તારી કયા મતિ ફરી. હુા
સૂજે નહી એ ભાઇ તને પંથ પાંશરો;
નેક ઉંધા પંથના તું ફંદમાં ફસ્યો હુા
વ્હાલાં સગાં સોબતીઓ રહેશે વેગળાં,
પત્ની પુત્ર મુકી જાતું જીવ એકલાં. હુા
રે રે પંખી રાત દહાડો માળામાં મચ્યો.
વારૂ શું આજેજ આવો માળો તેં રચ્યો. હુા
અનેક માળા બાંધ્યા ભાગ્યા ભાગી બાંધશો,
આતે ભાગ ફોડમાંથી ક્યારે છુટશો. હુા
ચેતન પંખી એવી હવે યુક્તિ આદરો;
જેથી ભાગ ફોડ મુકી ઠામે જઇ ઠરો. હુા
માગો વિશ્વનાથ પાસે હાથ જોડીને,

નવીન પંથ શાંતિનો સ્વામિ સુજાડીદ. ॥૭॥

૧૫.

બંદી તુ મારીં ચરણુકી એ રાહ.

આજ મેને દેખ્યો જીનંદ મુખ ચંદ,
મીટત દુઃખ કંદા મેંતો હું તેરા બંદા
તેરી સેવાસેં પાઉ આનંદા. જી.
પ્રભુ મુજ મન ચંદા મીટિગા ભવ ફંદા,
ગુણ ગાઉ શું છંદા અમંદા. આજ.

સાખી.

રત્ન શીંહાસન બેઠતે
વર્દ્ધમાન ભગવંત
છત્ર ત્રય ચામર ઢળે
ભા મંડળ ઝળકંત. જી૦
દુદંભી દેવ બજાવતે,
દેવા સુર પુરંત;

અશોક વૃક્ષે સોભતે,
પુષ્પ વૃષ્ટી મહુકંત. જી૦
સાખી.
ભવ્ય કમલ પ્રતી બોધતે,
વાણી અમૃત ધાર;
મહાવીર જનમંડળી,
અક્ષય રૂપાન પ્રચાર. જી૦

૧૬.

કરમકી કેસે કટે ફાંસી-કરમકી.
કેસે કટે ફાંસી-કરમકી.
સંજમ શીવ સુખ સેજ તજકર,
દુર્ગત દીલ ભાસી;
ધર્મ ઉપર ધાડું તે પાડયું,
જ્ઞાન ગયું નાસી-કરમકી.
હિંસા કરી તુને હાર હિયાકો,
દયા કરી દાસી;

કામદાર થા:રે ક્રોધ બન્યોરે,
મમત બણી માસી—કરમકી.
કહે જિનદાસ મેં પાપ પ્રભાવે,
નવિ આ:ચી મેં પલેન બાંધી;
બાઈ બો: વાસી—કરમકી.

૧૭.

કરમકી એસે કરે ફાંસી—કરમકી.
એસે કરે ાંસી—કરમકી એસે.
જ્ઞાન ગ ા ગયા દુવારકા.
કીયા કુ ી ાસી;
જૈન જમુ ા વીચેં તું નાહો,
પાપ ગયા નાસી—કરમકી.
ત્યાગ દીની સબ ત્રસના તનકી.
જાન્યો ત રાસી.
દુર્ગતકે ર દાળ લગાઇ
મનમેં કુલ ભારી—કરમકી.

જન્મ સુધારણુ સાધુ સંતકી
આતમ કયુ પ્યાશી
ઉનકે ચરણુ જીન દાસ નમત હે
મત કરો મેરી હાંશી—કરમકી

૧૮.

યોગી તેરા સુંના મંદીર કયું—યોગી
બહુ મહેનત કર મંદીર ચુનીયા
અબ નહી બસતા કયું—યોગી
તીર્થ જલકર એહને ધોયા
ભોગ સરભી દરવ કયું—યોગી
રામ નામ એક ધ્યાનમે યોગી
ચૂની જ્યુકી ત્યું—યોગી
એહ વીચાર કરી ભાઈ સાધો
નવ નીધી ચારીત હ્યું—યોગી

૧૯.

અથશ્રી વનાજની સજાય

માતા-શીયાળાસે શી ઘણો ધના
ઉનાળે લૂ જાલ
ચોમાસે જળ વાદળારે ધના
એ દુઃખ સહીયા ન જાયરે,
ધનજી આજ નહી સો કાલ
વનમે તો રહેવું એકલુરે ધના
કોણ કરે તારી સાર
ભુખ પરીસહ દોહીલોરે ધના
મત કર એશી બાતરે
ધનજી મત લીયો સંજમ ભાર
ધનાજી-વનમેતો મૃગ એકલોરે માતા
કોણ કરે ઉનકી સાર
કરણીતો જેશી આપકીરે માતા
કોણ બેટો કોણ બાપરે
જનની અમે લેશું સંજન ભાર
માતા-પંચ માહા વ્રતકો પાલવોરે, ધના,

પાંચઇ મેરૂ સમાન;
બાવીસ પરીસહુ જીતવારે, ધના.
સંજમ ખાંડાકી ધારરે;
ધનજી, મત લીયો સંજમભાર.
નીર વીના નદી કીસીરે ધના.
ચંદ્રવીના કીસી રાત
પીઉ વીના કીસી કામનીરે ધના.
વદન કમલ વીલખાયરે
ધનજી મતલીયો સંજમ ભાર
દીપક વીના મંદીર કીસાંરે ધના.
કાન વિના કીસો રાગ
નયન વિના કીસુ નિરખવુંરે ધના
પુત્ર વીના પરીવારરે
ધનજી મતલીયો સંજમ ભાર
તું મુજ આધાર લાકડીરે ધના.
સો કોઈ ટેકોરે હોય

જો કોઇ બાકડી તુટસેરે ધના.
અંધો હોસે ખુવારરે
ધનજી મત લીયો સંજમ ભાર
ધનાજી-રતન જડીતકો પીંજરોરે માતા
સુડો જાણે બંધ
કામ ભોગ સંસારનારે માતા
જ્ઞાનીને મન ફંદરે
જનની અમે લેશું સંજમ ભાર.
માતા આ દુરો કંચન ભર્યારે ધના.
રાઇ પરબત જીમ સાર
અગર પચીસી અબીરે ધના.
નહી સંજમકી વારરે
ધનજી મત લીગા સંજમ ભાર
નીત્ય ઉઠી ઘોડલો ફેરરે ધના.
નીત્ય ઉઠી બાગમે જાય
એસી ખુબી પરમાણુરે ધના.

ચમર ઢુલાયા જાયરે
ધનજી મત લીયો સંજમ ભાર
ચૌડી પાલખી પોઢતોરે ધના.
નીત્ય કોઈ ખુબીરે મા
એ તો બતીસ કામનીરે ધના.
ઉભી કરે અરદાસરે
ધનજી મત લીયો સંજમ ભાર.
ધનાજી નાર સકારા હું ગયોરે માતા
કાને આયો રાગ
મુનીસરની વાણી સુણીરે માતા
ઓ સંસાર અસારરે
જનની અમે લેશું સંજમ ભાર.
માતા-હાથમે લેગા પાતરોરે ધના.
ઘરઘર માગેંગા ભીખ
સો કોઇ ગાલજ કાઢસેરે ધના.
કોઇ દેવે દયો સીખરે

ધનજી મત લીયો સંજમ ભાર.
ધનાજી-તજ દીયાં મંદીર માલીયારે માતા
તજ દીયો સબ સંસાર
તજ દીની ઘરકી અસ્ત્રીરે માતા
છોડ ચલ્યો પરીવારરે
જંનની અમે લેશું સંજમ ભાર
ઉંચાતો મંદીર માલીયારે માતા
જુઠો સબ સંસાર
જિવત ચુંટે કાળજોરે માતા
મુવા નરક લઈ જાયરે જનની
માતા-રાત્રી ભોજન પરીહારોરે ધના.
પરનારી પચખાણ
પરધનસુ દુરા રહોરે ધના
એહુજ સંજમ સારરે-ધનજીમત
માત પીતા વરજો નહીરે ધના
મત કર એસી બાત

એહુ બતીસી અસ્ત્રીરે ધના
એસા દેગી સરાપરે-ધનજીમત
ધનાજી-કરમતણા દુ:ખ મેં મહારે માતા
કોઇ ન જાણે ભેદ
રાગદ્વેષ કે કારણરે માતા
બાંધ્યા વેર વીરોધરે-જનની
સાધુપણામે સુખ ઘણારે માતા
નહી દુ:ખરો લવ લેશ
મલસે સોહી આવસેરે માતા
જો કોઇ સાધુ કહાયરે જનની
એક દાડો ઉઠી જાયસેરે માતા
કોઈ ન રાખણહાર
એક જીવ કે કારણે માતા
કયું કરે એતા વીલાપરે જનની
ન કોઈ ધનો મર ગયોરે માતા
ન કોઈ ગયો પરદેશ

ઉગ્યા સોઈ આથમેરે માતા
ફુલ્યાં સો કરમાયરે જનની
કાલ ઓચીંતો મારસેરે માતા
કોણ છોડાવણ હાર
કરમ કાટ મુગતે ગયોરે માતા
દેવલોક સંસારે જનની
જે જેસી કરણી કરેરે માતા
તે તેસાં ફળ હોય
દયા ધરમ સંજમ વીનારે માતા
શીવ સુખ પામે ન કોયરે જનની

છંદડાનો રગ.

પ્રાણી મારૂ મારૂ તુ શું કરેરે,
તલભાર નથી જનુંજ કાંઈ જીવડા
ભજી લેને મહાવીરના નામને રે
તેથી તરીશ આ સંસાર સુજ જીવડા

સાખી.

લટપટ ખટપટ છોડીને,
સ્તવ જે શ્રી જીનરાજ
જીન નામ જપવા થકી
તારૂ સૌ સુધરસે આજથીરે
તેથી તરીશ આ સંસાર તુજ જીવડા પ્રા

સાખી.

અમપર હે જીનરાજજી
કરો કરૂણા જગંનાથ
મહાવીર મંટળી મનથકી
વંદે છે વારમ વારથીરે
તેથી તરીશ આ સંસાર તુજ જીવડા પ્રા.

આવ્યાભાઇ દુખના દહાડા એ રાગ.

પ્રભુ સુજ અંતર જામી૦
અંતરની અડચણો આપ ભાખીએ.
એમ કહીએ શીરજ નામી,

સેવકના દુખ દયા કરીને કાપીએ:
પાપો ગણાં કીધાં તણામાં
કશી રાખી નહી મણાં.
એવા અઘોર કુકૃત્ય કર્યા.
આ જીવે કીધાં ઘણાં.
પ્રભુજી હવે તું તારને.
સંસારમાં છે દુખ ઘણાં.
ગુણ ગાએ માહવીર મંડળી
હમેશાં પ્રભુજી તણાં, પ્રભુ.

સ્તવન ૧.

વીમલા ચલ વિમલા પ્રાણી,
સીતળ તરૂ છાયા ઠરાણી;
રસ વેધક કંચન ખાંણી,
કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી સ્નેહીશંત.
ચઉદ ખેત્રમાં તીરથ નહી એવો,
સ્નેહીસંત એ ગીરી સેવો.

ખતરી પાળી ઉલસીએ.
છઠ આઠમ કાયા કશીએ;
મોહુમલના સામા ધશીએ,
વીમલાચલ વગે વશીએ. સ૦ ચ૦
અન્ય થાનક કર્મ જે કરીએ,
તે હીમગેરી હેઠા હરીએ;
પાછળ પરદક્ષણા ફરીએ,
ભવજળથી હેલા તરીએ. સ૦ ચ૦
સીવ મંદીર ચડવા કાજે,
સો પાનની પાતી બીરાજે;
ચડતાં સમ કીરતી છાજો,
દુરભવી નાં [illegible]થી છાજે સ૦ ચ૦
પાંડવ પમુહા કંઇ સંતા,
આદેસર ધ્યાન ધરંતા;
પરમાતમ [illegible]ાવ ભજંતા,
સીધાચળ [illegible] અનંતા. સ૦ ચ૦

ખટમાસી ધ્યાન ધરાવે,
શુક રાજાનુ રાજ તે પાવે;
બ્હીતર શત્રુ હરાવે,
સેત્રંજો નામ ધરાવે. સ૦ ચ૦
પ્રાણી ધ્યાને ભજો ગીરી જાચો,
તીર્થંકર નામ નહી કાચો;
મોહરાયને લાગે તમાચો,
શુભવીર વીમલગીરી સાચો,
સ્નેહી સંત એ ગીરી સેવો. સ૦ ચ૦૭

સ્તવન ૨

શ્રીરે સિદ્ધાચળ ભેટવા,
મુજ મન અધિક ઉમાચો,
રીખવદેવ પુજા કરી,
લેજે ભવ તણો લાહો. શ્રીરે૦ ૧
મણીમય મુરત રીખભની.
એની પાસે અભીરામ;

ભુવન કરાવ્યાં કનકનાં.
રાખ્યાં ભરતે નામ. શ્રીરે૦ ૨
નેમ વિના તેવીસ પ્રભુ,
આવ્યા શીધ્રક્ષેત્ર જાણી;
સત્રંજે સમો તીરથ નહી,
બોલ્યા શ્રી મંધીર વાણી. શ્રીરે૦ ૩
પુરવ નવાણું સમોસર્યા,
સ્વામી શ્રી રીખભ જીણંદ;
રામ પાંડવ મુગતે ગયા,
પામ્યા પરમાનંદ. શ્રીરે૦ ૪
પુરવ પુન્ય પસાઉલે,
પુંડરીક ગીરી પાયો;
કાંતીવિજય હરખે કરી,
શ્રી સિધાચળ ગાયો. શ્રીરે૦૫

શ્રી તીર્થમાળાનું સ્તવન.

સેત્રંજે રીખભ સમોસરયા, ભલાગુણભરયારે
સીધ્યા સાધુ અનંત, તીરથ તે નમુરે.

ત્રણ કલ્યાણક તીહાં થયાં મુગતે ગયારે,
નેમીસર ગીરનાર   તીરથ૦ ૧
અષ્ટાપદ એક દેહરો ગીરી શેહેરોરે;
ભરતે ભરાવ્યાં બીંબ.   તીરથ૦ ૨
આબુ ચોમુખ અતિ ભલો, ત્રીભુવન તીલોરે
વીમલ વસે વસ્તુપાલ.   તીરથ૦ ૩
સમેત શીખર સોહામણો, રળીયામણોરે;
સીદ્ધયા તીર્થંકર વીસ.   તીરથ૦ ૪
નયરી ચંપા નીરખીએ, હયડે હરખીએરે,
સીદ્ધયા શ્રી વાસુપુજ્ય.   તીરથ૦ ૫
પુરવ દીશા પાવાપુરી, રીધે ભરીરે;
મુગતિ ગયા મહાવીર.   તીરથ૦ ૬
જેસલમેર જુહારીએ, દુઃખ વારીએરે;
અરીહંત બીંબ અનેક.   તીરથ૦ ૭
વાંકાનેરજ વંદીએ ચીર નંદીએરે;
અરિહંત દેરાં આઠ.   તીરથ૦ ૮

સોરીસરો સંખેસરો, પંચાસરોરે;
ફલોધી થંભણ પાસ. તીરથ૦ ૯
અંતરીક અજાવરો, અમીઝરોરે,
જીરાવલો જં નાથ. તીરથ૦ ૧૦
ત્રિલોક્ય દિપક દેહરો જાત્રા કરોરે,
રાણકપુર સહેર. તીરથ૦ ૧૧
નાડુલાઈ જાદવો, ગોડીસ્તવોરે;
શ્રીવરકાંણો પાસ. તીરથ૦ ૧૨
નંદીસરાં દેહરાં બાવન ભલાંરે;
રૂચક કુંડલે ચ્યાર ચ્યાર. તીરથ૦ ૧૩
સાસ્વતી અસાસ્વતી, પ્રતિમા છતીરે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ, તીરથ૦ ૧૪
તીરથ જાત્રા ફળ તીહાં, હોજ્યો મુજ ઈહાંરે
સમયસુંદર કહે એમ. તીરથ તે નમુરે. ૧૫

સ્તવન

વાહાલે અમૃત પાઇ ઉછેર્યાં, વાહાલે મારે અમનેરે એ દેશી,

આવો આવો જશોદાના કંથ,
અમ ઘેર આવોરે;
ભગતી વચ્છલ ભગવંત નાથ શે નાવોરે
એમ ચંદનબાળાને બોલડે પ્રભુ આવીરે,
મુઠી બાકુળ માટે પાછા વળી બોલાવીરે, આ. ૧
સંકેત કરીને સ્વામી ગયા તમે વનમાંરે,
થઇ કેવળ કેવળી કીધ ધરી જો મનમાંરે;
એમ કેશર કેરા કીચ કરીને પુજુરે,
તોએ પહેલેવ્રત અતિચાર થકી હું ધ્રુજુરે. આ. ૨
જીવ હિંસાના પચખાણ શુંગથી કરીએરે
દુવિહં તીવિહેણં પાઠ સદા અનુસરીએરે;
વાશી ઓળો વિદલનીશી ભક્ષ હીંસા ટાળુરે,
સવા વિશ્વા કેરી જીવદયા નિત્ય પાળુરે. આ. ૩
દશ ચંદરવા દશ ઠામ બાંધીને રહીએરે,

રૂડ જાણે એહવી વાત કેને ન કહીએરે,
ચત્ર ભવનને છ વીછેદ ભાર ન ભરીએરે;
ભાત પાણીને વીછેદ પશુને ન કરીએરે, આ.
લોકીક દેવ ગુરૂ મીથ્યાત ત્યાસી ભેદરે,
તુમ આગમ સુણતાં આજ હોય વીછેદરે;
ચોમાસે પણ બહુ કાજ જયણા પાળુરે,
પગલેપગલે મહારાજ વ્રત અજવાળું રે. આ.
એક સાસ માંહી સો વાર સમરૂ તમનેરે
ચંદનબાળા જેવું સાર આપો અમનેરે;
મોહી હરીબળ ફળદાય એ વ્રત પાળીરે,
શુભ વીરચરણ સુપસાય નિત્ય દીવાળીરે આ.
(સોનાનોલ્યું આવ્યા છી રસપાન કરો.—એ—રાગ.)
નસીબ ખુલ્યું મળ્યા છે જીનરાજ ભજું;
પાપી પાપ તજું, ધરમ સાજ સજું,
શુદ્ધ આજ રજું— નસીબ૦
તારી લે છે પ્રભુ, કળી પાપ પંકે;

આપ વિના એ દેહ દુઃખો કેમ મટે?
કરૂં શીરે કજ્જુ?=મારૂં કોણ ગજુ?–નશીબ૦
કુતરી કુમતી પુઠે છે પ્રભુ મુજકેડે,
સુંદરી સુમતી તજેછે નહીં શુંજ તેડે?
"નાન" પાય પડું–કરૂં વાર હજુ?–નસીબ૦

(કરકર ધીન કરકર ધીન એ–રાગ.)

દરદર દીના દરદર દીના
દરદર દીના દીના દીના,
નાચો ગાઓ જીનવર આગે,
ધીરકટ તીરકટ દીના— દરદર૦
ચમક ચમક ચુંમ પાય ઉઠાવે,
ચંગ બજાવે ગાવે;
તતા થૈ થૈ નાચે વાહરે,
ઢમ ઢમ ઢોલ બજાવે— દરદર૦
રમઝમ છમછમ ઘુઘર ગાજે,
ભેં ભેં ભુંગળ બાજે,

ઝમઝમ ઝમઝમ ઝાંઝર ઝમકે,
સુંદર "નાન" અવાજે— દરદર૦

૩

(ન બોલ મેરા મેરા, ન મેરા ન તેરા એ-રાગ.)

પડું પાય પ્યારા પ્યારા,
રૂપાળા હું તારા— પડું
હે દુઃખોના ભારા, દુર કરનારા,
સલુણાજી સારા.— પડું૦
સંસારી મોહ માળા,
કામનીની કામ જવાળા, સ્વારથના
બોલ બાળા, દુર કરનારા,
સલુણાજી સારા.— પડું૦
સ્હાય કરો જો મને તો પામું મુકિત માળ,
કરે દુઃખીઆરો કદી નહીં પાપી જમ વિકાળ
મુનીને દેખીએ મયાની આંખથી,
"નાના"ને દેખીએ દયાની આંખથી.—
પ્યારા૦ પડું૦

૪

(અચળ અમલ અમપરકર એ-રાગ.)

અઅળ સઅળ હરપળ કર જીનેશાતું, ઇશાતું
પાય હું તારો, છું સેવનારો,
પાપ હરો વિષનું— અઅળ૦
ધર્મ પતાકા ફરફરે, અરી અધર્મ થરથરે,
તુજ રંગ દિસે, વિશ્વ વિષે સુખ ઉલ્લસે,
જય ગાઓ સુખ પાઓ, "નાન"
સેવત જીનેશકુ.— અઅળ૦

૫

(કઓશે પાઉમે પતીયાં મોહનકીં. એ—રાગ.)

મોહે લાગી લગનવા જીનવરકી,
મોહે લાગી લગનવા.—
વારે મજાની આંગી, શોભે અજાયબ સારી
શું ભલી આ દીલવરકી.—મોહે૦

પ્યારે સુસહ્યાં તોસે, "નાનો" કરત દીલદારી
જું પહ્યાં જીનવરકી,—મોહ૦

૬

(આરી ખેલોરી આવો બજા તાલીયાં.–એ રાગ.)

એજી ગાઓરી આજે બજા તાલીઓ.
જય બોલ મન બોલ જરાબોલ
જયબોલબોલબોલ–મન બોલબોલબોલ,
જરા બોલ બોલ બોલ–એજી૦
ઝુમક નચાઉ જીન ગુણો હું ગાઉ,
ખુશીથાઉ, સુખીથાઉં, વાહ વાહ વાહ વાહ!
વાહ વાહ વાહ!–એજી૦

૭

(એજી સાહેબ નતીજા મીલ જાયગા–એ રાગ.)

મને તારો શ્રી મલ્લી જીનરાયા,
તમે તારો શ્રી મલ્લી જીનરાયા–મને૦
ઘડી ઘડી પાયે પ્રભુ અરે પડુ છું,

રૂમઝુમ રૂમ છુમ છુમ-શ્રી મલ્લી જીનરાયા૦
સારી તરેહથી ઝામીયો જશ તો આપનો.
ભકતી કરતાં કાપીયો રસ્તો પાપનો,
ઉચ્ચાર કરતાં સર્વે તમ નામનો,
જાણે મલ્લીનાથ તો છે સર્વેના કામનો,
ભકત જનોની તમે ઇચ્છા પુરોજી,
રૂમઝુમ કીડકીડ છુમ-શ્રી મલ્લી જીનરાયા૦

૮

ભુજંગી છંદ.

નમું નેહથી જીનરાજા તને તો,
સદા સુખી રાખે પ્રભુજી મને તો:
કૃપા સાગરા છે દયા શુદ્ધ તારી,
ખરે 'નાન' ગાએ ગુણો તુજ ભારી.

૯

(કરમ કર મેરે હાલપર અએ કરીમ-એ રાગ.)

મહા તેજકારી ઓ મલ્લી પ્રભુ,

નમુ નેહુથી 'નાન' નિત્યે નમું-મહા૦
માયા જાળની માળમાં છું ફસ્યો,
ખરે ખરૂ કર્મે મને તો કસ્યો-મહા૦
ભલા ભકતી રસ જો મને પાઓતો,
દુ:ખીરે રહું પાસ હું આવતો.-મહા૦

૧૦

(છોડી બામનકી.-એ રાગ)

જીનરાજ ઝુલે ર) ફુલ તોરાના બાગ વિષે.
મોહ જાળની ફાંસી કાપી, રસાળ રસમય ઝુલે;
પ્યારી પ્યારી મુર્તીભાળી નાન હર્ષેફુલે.-જીન૦

૧૧

(બતાદે સખી કોણ ગલી-એ રાગ)

શોભે છે શું આ શાંતી જીન શીરતાજ
લોભે છે મારૂં દીલ પ્રભુથી આજ. શોભે૦
અંતર યામી રૂડારે, કાપે કર્મ કુંડારે;
જેથી રહે 'નાન' લાજ.-શોભે૦

૧૨

(હુસ્નુલ પડનેકા પઅેર હયે–એ રાગ)

જપ તપ કરવામાં લેહેર છે એ ખરૂ
સમજવું–જપ૦
વૃત પચ્ચખાણો સુખસર જાણો,
'નાન' પર મહાવીર મ્હેર છે એ ખરૂ
સમજવું–જપ૦

૧૩

(પત્તા નવ લગા મછંદરકા–એ રાગ)

જગા મન ધ્યાન તું જીનવરકા,
ટાળવા તાપ પાપ તનકા–જગા
દરશ સરસ નીરખ્યો જબ જીનકો,
તબ તક આનંદ થાય,
ચરણ કમળથી ચીતડું ચળકે,
સુખ સરોવર માંય;
ભાગવા ભવદુ:ખના ભણકા–જગા૦

કુસુમ કુંજમાં પ્રભુ બીરાજે,
હીરા મોતીકા હાર;
ધારણ કરકે બૈઠે પ્રભુજી,
ભકતકા પાળણહાર;
બાજતા 'જૈન' વીજય રણકા-જગા૦

૧૪

(સુમર સુમર તું આજ હરકું એ રાગ.)

સમર સમર તું યાર દીલ ઉતાર જીનરાજ,
ભમર ભમર કામ ભમર લેશે તારી લાજ;
સંસાર સાગરમાં છે એક ધર્મ ધોરી ઝાજ,
રેહેમ ક્ષેમ આપે એજ ધારી દીલ દાઝ;
પ્રભુ લાગું તારે પાયે, જપ માળધરી કરમાંહે
સાધુ થા સુધાર મારૂં,
સ્હેલથી સુકાજ-સમર૦
હું ભુલ્યો છું બડભાગી,
સંસારી માયા ત્યાગી,

લાગી લગન મથન થાઉં,
પ્રભુથી સદાજ-સમર૦
પ્રભુ ગહન ગતી છે તારી, જાઉં તેપર હું વારી;
બલીહારી 'નાન' સાથ,
ગાય સકળ આ સમાજ-સમર૦

૧૫

(ઝુક ઝુક પડેરે પાયો કછુ ભારી-એ રાગ)

રૂમ ઝુમ ગાઓ જીણંદ જયકારી,
જીનરાજ, નમું આજ રાખ લાજ લાજ લાજ
જાણી બાળરે-રૂમ૦
નથી મનુષ્ય જનમ મળવાનો,
અજગર જમડો ગળવાનો,
કોમળ કાષ્ટે બળવાનો,
લે લાગ તાપ ટળવાનો,
શું જુએ? કયમ ખુએ? આ તું એ?
શું સુએ મુરખા નીડર બુદ્ધ વીસારી-રૂમ ઝુમ૦

૧૬

(દરસન બીન અખીયાં તરસ રહી—એ રાગ)

જીનરાજ લગન તુમસે લાગી,
તુમસે લાગી બનતાં રાગી—જીનરાજ૦
ક્ષણભંગુર છે માયા જગતની,
માગું શરણ હું તે ત્યાગી—જીનરાજ૦
સુંદર ઉપદેશ અમૃત પીતાં,
'જૈન' ઉદય બીજ જો જાગી—જીનરાજ૦

૧૭

(કામ છે દુષ્ટ વિકારી—અહા પ્રભુ—કામ છે દુષ્ટ વિ-
કારી—એ રાગ).

મુખડાની માયા લાગી,
મહાવીર તારા, મુખડાની માયા લાગી—ટેક.
માયા મદિરે મસ્ત બનેલો,
ત્યાગી તે ઉઠયો જાગી—મહાવીર૦
કલેશ વિશેષ હું કરતો કુકર્મી,

આજ બુજાો હું અભાગી-મહા૦
વ્યસન પસન નથી પરનીંદા પણ,
પુરણ પ્રેમથી ત્યાગી-મહાવીર૦
તરણ તારણ દુ:ખ નિવારણ,
મુકતી લઉં મન માગી-મહાવીર૦
સાસન નાયક સહાય કરોજી,
'મંડળી' રહ્યા પાય લાગી-મહાવીર૦

૧૮

(સુણો ચંદાજી, શ્રી મંદીર પરમાતમ પાશે
જાજો---એ રાગ.)

મનસુખાજી શીખામણ કહું છું
તે સાચી સાંભળો.
ઠરી ઠેકાણે. જીનજી
જપતાં તજશો સરવે આંબળો.---ટેક૦
ડગમગતું મન સ્થીરતા સ્થાને,
રાખી જીનવર ઘટ ગુણ ગાને,

ભક્તામૃત તું મનને પાને—મનસુખાજી.
ધન ધંધામાં ઢોળી દીધું.
વીષયારૂપી તે વિષ પીધું,
એ કામ ઘણું કાચું કીધું—મનસુખાજી.
ઘટ કાચામાં અમૃત ભરીયું,
ફટ ફુટેથી પછી વીચરીયું,
કરી કુસંગ કારજ નવ સરીયું-મન૦
આ ખેલ રચ્યો છે અટપટીયો,
નિત્ય આવરદાથી તું ઘટિયો,
ચીતચેતીને થાજેચટિયો—મનસુખાજી.
સૌ ઇંદ્રીયો તુજ વશ વરતે,
તું ચાલે ત્યાં આવે શરતે,
તું બુડાડે સાગર તરતે—મનસુખાજી.
ભલા ભલા ગયા આગળ ભાખી,
રૂડી રીતી તો તેં નવ રાખી,
છે માયાની મીઠી માખી—મનસુખાજી

જુઠા આ સાચું લે જાણી,
જીન નામ તણી જે એંધાણી,
'નાનો' કહે છે પ્રીતી આણી—મન૦

૧૯

(પ્યારી કાહે કાહે કરત પુકાર—એ રાગ.)

પ્રભુ નાહીં નાહીં કદી છોડનાર,
તન મનસે તુમ ધ્યાન લગાયો,
અબતો પાર ઉતાર—પ્રભુ૦
ભકતી તારી, સુખકર સારી,
દુઃખ હરનારી, દે કલ્યાણ,
મતી વિસારી, કાં જખમારી,
ખાઉં સંસારી મ્હોત કમાન,
દુ:ખી થાવા ડુબી જાવા,
જેવું દેખી મુકયો પ્યાર,
મન સદા તુમ ચરણમાં ધરકર–પ્રભુ૦

૨૦

(પ્યારી સુન સરધુન—એ રાગ.)

વારી જીન ગુણ ગાવા લલચાય જીયા;

મેરા કરમ ભરમ સબ દૂર કીયા—વારી૦
સનનન સનનન સૂર લગાઈ,
તનનન તનનન તાન મીલાઈ.
ગાઓગાઓ ગાઓ પ્યારો, એથી છુટકારો સારો
ખરૂં માન છે કલ્યાણ, કહે નાના સાચું જાણ,
જીનવાણીજગઉજાળી, અન્યવાણીછેદુખાળી,

૨૧

(નીસાર તેરે નખરે નાજો અદાપર નીસાર—
એ રાગ.)

મહાવીરપ્રભુ મ્હેરથી, આનંદ આનંદ અપાર
ત્રીસલાના જાયા વારી કંચન કાયા,
મારે ઝમક ઝલકાર—મહાવીર૦
ગોવાળ હઠીલાએ ખોસ્યાતા ખીલા,
કાનોમાં કઠોર દેનાર—મહાવીર૦
ખીલા ખેંચાણી પ્રભુ પાયે મુકાણી,
ઉરે ન આવ્યો અરેકાર—મહાવીર૦
સમતા ભાવ એવો રાખે સુકર્મી,
' થાય નાન ' તેના ઉદ્ધાર—મહાવીર૦

૨૨

(જીનકી મોહોબત પ્યારમેં–એ રાગ.)

જીનકી સોબત ધારરે એથી થસે ઉદ્ધારરે,
ફોકટ સંસારી માળમાં મુર્ખા ભમે કાં મારરે?
આ ઘટમાં તારો પ્રાણ છે, ત્યાં સુધી સૌ સારો કહે,
મુવા પછી મશાણ છે, ત્યાં તારો કોઈ ના રહે.
કીધાં કરમ કુડાં હશે, પાપી જીવો દુઃખ સહે,
કીધાં કરમ રૂડાં હશે, તે ધરમી જીવો સુખ લહે,
તેથી ધરમ દોલત લ્યો લુટી પાપ મહુકી કુટી,
મહાવીર જીનકી મેહેર નજરથી, 'નાન'
થયો સુખી.

૨૩

(કોઇ રચકી મરજી–એ રાગ.)

કોઇ અબુજ ધરમમાં શું જાણે,
કોઇ અબુજ બુજમાં શું જાણે!
જે જાણે છે તે તો જાણે.
બીજે જ્ઞાની જ્ઞાતા જાણે–કોઇ૦
જ્ઞાની જ્ઞાનીના ગુણ જાણે,

અજ્ઞાની કહો ત્યાં શું જાણે!
ધોબી ધોઇ કપડાં જાણે,
મોચી સીવી જોડા જાણે,
ધરમી ધરમે મોજો માણે,
નજરે જોયું એતો નાને-કોઇ૦

૨૪

કોઇ રસીલા છબીલા ગ્રીજ ભાંનરી—એ રાગ.)

એજી છબીલા છોગાળા જીનરાજરી,
નમું રસીલા રંગીલા જીનરાજરી-એજી૦
રંગભરી ચમકે એ મુરતી તુમારી,
પુર ખુશકારી ભરી છે પ્રભુ, પ્યારા.
નીત્ય રસે 'નાનો' સેવત હો સ્વામી,
તમપર વારી જાન સુંદર-એજી૦

રાસ પહેલો.

સખી વીરલી જનની પીડ વીરલી જાણે-છે એ રાગ

સખી પુજી પાસ જીણંદ,

મન સુખ માનોરે;
એ આપે શીવ સુખ કંદ,
સત્ય પરમાણોરે;
સખી સંસારી આ જાળ,
દુખદ જાણોરે;
છે વિષ ભરી પાપની પાળ,
કહે છે 'નાનો' રે;

સાખી.

મનહર મુગટ મોતી તણો,
કાને કુંડળ સાર;
કેડ કંદોરો હીમનો.
સખી કંઠે નવસર હાર,
સુંદર શોભે છે,
સખી ઝમ ઝમ શું ઝમકાર,
મનડું લોભે છે,
સખી ચીત્તહર આ ચમકાર,
દીલડું થોભે છે—સખી પુજી૦

સાખી.

મન હરણું ભવ રણ મહીં,
નાહક ગોથાં ખાય,
ભક્તિ ભાખે ભાવથી સખી ચરે તો
ચિંતા જાય એ જીન વાણી છે;
સખી સાચી જીન સેવાય,
મેં મન માની છે,
સખી કહીયે થાય કરાર,
તે સત્ય જાણી તે સખી પુંજી૦

સાખી.

શી સંસારીક મોહની,
સુખાડ જીવ લલચાય;
મુજ વશ વારી રાખીશું,
સખી ત્યારે સુખ સદાય,
મોક્ષે મળશેરે;
સખી આનંદ ઉર ઉભરાય,
ફળ વ્રત ફળશેરે;
સખી તનના તાપ સમાય.

વાંચ્છીત મળશેરે-સખી પુંજી૦

રાસ બીજો.

(આવો આવોને મોહનલાલ, મોરલી વાળારે—
એ રાગ)

ગાઓ ગાઓને જીનવર ગુણ, સહીયર મારીરે
પાઓ પાઓને સુખની ગુણ, સુખકરસારીરે

સાખી.

શી જુકતે આંગી કરી, ફુલ તોરા તણી આજ
સોનેરી સીંહાસનપરે બેઠા શ્રીજીનરાજ-ગા.

સાખી.

શાંતીના દેનાર છે, શ્રી શાંતી મહારાજ,
ધરમંગળ વરતાવતા, વંદે 'નાનો' આજ-ગા.

સાખી.

શીયળસાડી થકી સખી. શણગારી શરીર;
જાશું તો થાશું સદા, જીન મંદિરમાં હીર-ગા.

રાસ ત્રીજો.

ધન્ય દા'ડો ધન્ય ઘડી આવી,
મારે તો ધન્ય દા'ડો ધન્ય ઘડી આવી.
સદગુરૂ વચનામૃત સુણ્યાથી,
જય મંગળ વરતાવી—મારે તો૦

સાખી.

જળ છંટાવું શેરીએ, બહુ બીછાવું ફુલ,
મોતી તોરણ માંડવે, ટાંગુ મોંઘા મૂલ;
શ્રી મહાવીર પ્રભુ મંદીર લાવી,
હેતે લઇ હુલરાવી—મારે તો૦

સાખી.

વિવિધ ફળવૃત ધારતાં, પુરણ કરશું કોડ
ભાગ્ય રવી ઉદય થતાં, નમે 'નાન' કરજોડ
દેવેંદ્ર પણ ફુલ મોતીથી,
લે છે આનંદે વધાવી—મારે તો.

ગોપીચંદ લડકા—એ રાગ.

જીનરાજા તાજા મહેલી બીરાજે;

ભોયણી ગામમે.
દેશદેશકે જાત્રુ આવે, પુજા સરસ રચાવે
મલ્લી જીનેશ્વર નામ સિમરકે
મનવંછીત ફળ પાવેજી. જીન
ચાતુર વરણકે નરનારી મીલ
મંગળ ગીત કરાવે
જય જયકાર પંચધ્વની વાજે
શીરપર છત્ર શીરાવેજી. જીન
હિંસક જન હિંસા તજી પૂજે
ચરણે શીશ નમાવે
તું બ્રહ્મા તું હરિ શીવશંકર
અવર દેવ નહીં ભાવેજી. જીન
કરૂણારસ ભર નયન કચોરે,
અમૃત રસ વરસાવે;
વદન ચંદ ચકોર જ્યું નિરખી,
તનમન અતિ ઉલસાવેજી. જીન
આતમ રાજા ત્રિભુવન તાજા.
ત્રિદાનંદ મન ભાવે;

મલ્લિ જિનેશ્વર મનહર સ્વામી,
તેરા દરસ સુહાવેજી. જીન

દાદાને ભેટી તનમન ભવ દુઃખ મીટા મીટા
જાનેકા પ્યાસાથા કયસા
અબ તનમન દુખ મીટા મીટા જાતે-દાદા
સેત્રુંજા ગિરીકો જા દેખેગાં.
ભઇ મારી ચાહે પ્યારે મીલકર
ભેટત ભેટત શુદ્ધ ભયે
ભવ દુખ મીટા મીટા જાનેકા પ્યાસાથા
કયસા અબ તનમન દુખ મીટા મીટા
દાદાને ભેટી તનમન ભવ દુખ મીટા મીટા

રાગણી—પીલું—કહું શું નસીબે દુખીયો કીધો છે.
તાલ—દીપચંદી.

ધન યુવતીપર મન લલચાણું,
ધર્મ માર્ગ બીજું કાંઇ ન જાણું.
દાન શીયળમાં રૂચી નવ લાગે,

તપ જપ સુણતાં મન ગભરાણું. ધ૦ ૧
સપ્ત વ્યસન સેવનમાં રસીયો;
કરવા કપટ કાળજું કોતરાણું. ધ૦ ૨
ઈર્ષા દ્વેષ મત્સર પર નિંદા,
છળને પ્રપંચથી હૃદય ભરાણું. ધ૦ ૩
પ્રભુ સંખેશ્વર સ્વામી દર્શન,
પામી હૃદય મારૂં અતિ ઉભરાણું. ધ૦ ૪
તું તારકપણ હું બહુ પાપી,
મારો ઉદ્ધાર કરે તો હું જાણું. ધ૦ ૫
તાહારી કૃપાથી માંગરોલ મંડળી,
અક્ષય જ્ઞાનનું પેહેરે ઘરાણું. ધ૦ ૬

---o---

આજ આ સમાજ સહુ સ્તવન ભણો જીન તણા
રંગથી ઉમંગ સંગ રાખશો નહીં મણા. આ.
રીષભ અજીત સંભવ,
અભીનંદન સુમતી તણા. આજ
પદ્મ સુપાર્શ્વ ચંદ્રપ્રભુ.
સુવધી શીતળ હંસના, આજ

વાસુપુજ્ય વીમળ અનંત,
ધર્મ શાંતી કુંથુના. આજ
અરમલ્લી મુનીસુવ્રત નેમી;
નેમ પાર્શ્વ વીરના. આજ

સંભવનાથનું સ્તવન.

સાહિબ સાંભળોરે, સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યોરે, ન લહી સેવા તુમારી,
નરક નિગોદમાંરે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમવિનાદુખસહ્યાંરે,અહનિશક્રોધે ધમધમીયો.
ઇંદ્રી વશ પડયોરે, પાળ્યા વ્રત નવી હુંસે,
ત્રસ પણ નવી ગણ્યારે, હણીયા થાવર હુંસે,
વ્રત પણ ચિત નવી ધર્યારે,બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડીરે, તીહાં મે હૈડલું ખોલ્યું. સા.
ચોરી મેં કરીરે, ચઉવીહ અદત ન ટાળ્યું,
શ્રી જીન આણસ્યુંરે, મેં નવી સંજમ પાળ્યું,
મધુકરતણી પરેરે, સુધ ન અહાર ગવેખ્યો. સા.

નરભવ દોહીલોરે, પામી મોહ વસ પડીયો,
પરસ્ત્રી દેખીનેરે, મુજ મન તીહાં જઈ અડીયો,
કામ ન કો સર્યાંરે, પાપે પીંડ મેં ભરીયો,
શુદ્ધ બુધ નવી રહીરે, તેણે નવી આતમ તાર્યો.
લક્ષ્મીની લાલચેરે, મેં બહુ દીનતા દાખી,
તોપણ નવી મળીરે, મળીતો નવી રહી રાખી,
જે મન અભીલખેરે, તેહતો તેહથી નાસે,
ત્રુણ સમ જે ગણેરે, તેહને નિત રહે પાસે. સા.
ધન ધન તે નરારે, એહનો મોહ વીછોડી.
વીશય નીવારીનેરે, જેહને ધર્મમાં જોડી.
અભક્ષ તે મેં ભખ્યારે, રાત્રી ભોજન કીધાં.
વૃત નવી પાળીયારે, જેહવાં મુળથી લીધાં. સા.
એમઅનંતભવભમ્યોરે,ભમતાંસાહીબમળીયો
તુમ વિના કોણ દીયેરે, બોધ રયણ મુજ બળીયો;
સંભવ આપજયોરે, ચરણ કમળ તુમ શેવા;
નય એમ વીનવેરે; સુણજો દેવાધી દેવા. સા.

સ્તવન.

સામળીઓ ત્યાગીને હુંતો રાગી,
વાલારે મારા સંજમ શું રઢ લાગી.
સામળીઓ ત્યાગીને હુંતો રાગી. ટેક.
વા૦ મારા નેમ નગીનો રાગી,
વા૦ મા૦ સુંદર સ્યામ સોભાગી.
વા૦ મા૦ સંજમ લીએ વડ ભાગી, સા૦ ૨
વા૦ મા૦ ગઢ ગીરનારની ઘાટે,
વા૦ મા૦ મોહન મળશે વાટે,
વા૦ મા૦ હાથ મેલાવીશ માથે સા૦ ૩
વા૦ મા૦ રાજુલ નેમની પાસે.
વા૦ મા૦ હવે સંજમલીએ ઉલાસે,
વા૦ મા૦ નેમ પેહેલી શીવ જાશે. સા૦ ૪
વા૦ મા૦ દંપતી શીવસુખ મલીઓ,
વા૦ મા૦ વીરહદાવાદલ દળીઓ;
વા૦ મા૦ અગરૂ લગુ ગુણ ભરીઓ. સા૦ ૫
વા. મા. દીપ કહે સુણો મારી,
વા. મા. તારી રાજુલ નારી,

વાલા મારા હમને કરો મોહવારી. સા૦ ૬

ગાવાના ગીતો.

સાત વાર.

આદીતે અરીહંત અમ ઘેર આવોરે;
મારા સ્યામ સલુણા નેમ દીલમાં લાવોરે. ૧
સોમે શુભ શણગાર સજીએ અંગેરે,
મારા જુગજીવનની સાથ રમીએ રંગેરે. ૨
મંગળ શુભ દીન આજ મંગળ ચારૂરે;
કાંઇ નવ ભવ કેરો સ્નેહ હું સંભારૂંરે. ૩
બુધ ઘેર આવો નાથ બુધ્ધિના બળીયારે;
પ્રભુ એક સેંહસને આઠ લક્ષણ ભરીઆરે. ૪
ગુરૂ ગીરવા ગુણવંત શીવા દેવીનારે,
કાંઇ સમુદ્રવીજય કુળચંદ નેમ નગીનારે. ૫
શુકર સેહેસાવંન ચાલો સજનીરે;
મારે સમય થયો પ્રભાત વીતી રજનીરે. ૬
સનીશ્વરે સંજમ લીધ પ્રીત વધારીરે,
કાનુ પામ્યા પરમાનંદ નેમને નારીરે. ૭
મુળચંદ કહે એમ આશા ફળશેરે,

જે નીરમળ પાળે શીયળ ભવજળ તરશેરે. ૮
અમે નમીએ નેમી જીણંદ ઘઠ ગીરનારેરે;
રાણી રાજુલ જુવે વાટ સાતે વારેરે. ૯

ગરબી.

પડવાની પડ પ્રીત ગટમટ ભુલીરે. એ રાગ.

ચાલો સખીઓ મમ સાથ જીન ઘર જઇએરે;
અવલોકી આદીનાથ પાવન થઈએરે. ૧
મોહન મરૂદેવી નંદ જગ જયકારીરે,
જસુ વદન પુનમનો ચંદ જાઉં બલીહારીરે. ૨
કંચન ઝીરી હરી જીનરાજ જઇ નવરાવેરે,
કરવાને આતમ કાજ સચી હુલરાવેરે; ૩
વીનતા નગરીનો રાય, હરખું નીરખીને;
પણ છે સત ધનુષની કાય, સોવન સરખીરે. ૪
હુમ દીલમાં વશીયા દેવ, રંગ રશીલારે;
જસ સુરવર સારે શેવ છેલ છબીલારે. ૫
સ્વામી શીવરમણીના કંથ કામણગારારે,
સુખ આપો આદી અનંત, પુરણ પ્યારારે. ૬
પ્રભુ પુરણ પુન્ય પસાય, અમે દીઠુંરે,

આ હરખ મનમાં ના માય લાગે મીઠુંરે. ૭
રમઝમ કરી જીન ગુણ રાસ રમીએ રંગેરે,
આવો જીનજી આ વાસ સખીઓ સંગેરે. ૮
પુજો હરી હર શીર તાજ, કેસર ઘોળીરે,
અંબોડા લઇ આજ સૈયર ટોળીરે. ૯

આરતી—ઋષભ જિનની.

તીરથની આસાતના નવી કરીએ. એ—દેશી.

અપચ્છરા કરતી આરતી જિન આગે,
હાંરે એતો અવિચલ સુખડાં માગે,
હાંરે નાભિ નંદન પાસ. અ. ટેક
તાથેઇ નાટક નાચતી પાય ઠમકે,
હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે;
હાંરે સોવન ઘૂઘરડી ઘમકે,
હાંરે લેતી ફૂદડી બાલ. અ૦ ૧
તાલ મૃદંગ ને વાંશલી ડફ વીણા;
હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા:
હાંરે મધુર સુરાસુર નયણાં,
હાંરે જોતી મુખડું નિહાલ. અ૦ ૨

ધન્ય મરૂદેવા માતને પ્રભુ જાયા.
હાંરે તારી કંચન વરણી કાયા;
હાંરે મેંતો પુરવ પુણ્યે પાયા,
હાંરે દેખ્યો તારો દેદાર. અ૦ ૩
પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો.
હાંરે પ્રભુ સેવક હું છું તારો
હાંરે ભવો ભવના દુઃખડાં વારો
હાંરે તુમે દીન દયાળ અ૦ ૪
સેવક જાણી આપણો ચીત ધરજો
હાંરે મોરી આપદા સઘળી હરજો
હાંરે મુની માણેક સુખીઓ કરજો
હાંરે જાણી પોતાનો બાળ અ૦ પ

આરતી.

આરતી ઉતારો જીનપાસકી
નાચત નાચત ઘુઘર ગાજત
રંગ નાચતી—
આસ ફુલ વાસ સંઉ નાન દાસંન.

સમાપ્ત.

સુચના

આ પુસ્તક મળવાના ઠેકાણા

અમદાવાદ—જેશંગભાઇ મોતીલાલ. શાહની કં-
પની (બુકશેલર) ઠે. રીચીરોડ.

,, મોતીલાલ મનસુખરામ મઢીવાળા
ઠે. કુતાશાનીપોળ.

અમારે ત્યાં સર્વે જાતનાં પુસ્તકો મળશે જોઇએ તેમણે મંગાવી લેવાં.

વૈદકનો ઉપયોગી ગ્રંથ રોગ=નીવારણ

કીમત રૂ૦-૮-૦

લી. જેસંગ મોતીલાલ શાહ.